# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

કટકી કરે તો કુટિલ થઇ જાય છે બુધ્ધિ!
ઘાસ ખાનારાની પાસવી થઇ જાય છે બુધ્ધિ!
થઇ જાય છે બુધ્ધિ 'જડ' જમીન જે પચાવે -
કોલસા ખાનારાની વ્યસની થઇ જાય છે બુધ્ધિ
(જયસ્વાલ - નિવેદન)

## હાઇકુ

રાત થોડીક
ને વેશ બાકી ઝાઝા -
યાત્રા અધૂરી..
(પરીક્ષા ના પડઘમ)

સરભરાથી -
તો છૂટ્યા! થઇ હાશ,
'સંહિતા લાગુ'
(સરકારી સૂર)

## ચિંતન

**પઠતો નાસ્તિ મૂર્ખત્વં જયતો નાસ્તિ પાતકમ્ ।**
**મૌનિનઃ કલહો નાસ્તિ ન ભયં ચાસ્તિ જાગૃતઃ ॥**

'જે ભણે છે, વિદ્યા પ્રાપ્તિ કરે છે તે મૂર્ખ રહેતો નથી, જે વિચારી ને કાર્ય કરે છે તેને કયારેય પશ્ચાતાપ કે પતનનો ભય રહેતો નથી, જે સદાય સાવધાન-જાગૃત રહે છે તેને કોઇ પણ જાતનો ડર-ભય રહેતો નથી અર્થાત નિર્ભય રહે છે.'

વિદ્યાભ્યાસ દ્વારા જે તે વિષયનું જ્ઞાન તો પ્રાપ્ત થાય છે જ પણ સાથે સાથે વિદ્યા દ્વારા વિચાર અને માનસિક સ્તરનો પણ વિકાસ થાય છે જેથી 'વિવેક શક્તિ' આવે છે પરિણામે સારૂં-ખરાબ અને સાચાં-ખોટાંની નિર્ણય શક્તિ પ્રભાવિત થાય છે અને ખોટી મૂર્ખામીમાંથી મુક્તિ મળે છે.

વિચાર શક્તિના પરિણામોને કારણે માણસ પૂર્વા-પરના સંબંધ-પરિણામોનો પણ વિચાર કરે છે જેથી ઉતાવળે કાર્ય ન થતાં પશ્ચાતાપ કે પતનનો ભય રહેતો નથી. સદાય જાગૃત રહે છે અને વિચારપૂર્વક સાવધાનીથી વર્તે છે.

સાવચેતી અને સાવધાનીથી લીધેલા નિર્ણયને કારણે કોઇ પણ પ્રકારનો ભય રહેતો નથી. અર્થાત માણસ નિશ્ચિંત અને નિર્ભય રહે છે.

સદાય જરૂર પુરતું જ, કોઇ પૂછે ત્યારે જ - સલાહ, માર્ગદર્શન આપનાર અને મૌન રહેનાર માણસ કદાપિ કોઇથી કંકાસ થતો નથી.

## સુવિચાર

- અનુભવ એ જ્ઞાનનો માર્ગદર્શક છે - **હેન્રી**
- આપણી મૂર્ખાઇઓ પણ એક અનુભવ જ છે - **ફ્રેન્કલિન જોન્સ**
- ટાલ પડ્યા પછી માથું ઓળવા માટે કાંસકાની સાવચેતી એટલે અનુભવ - **સ્ટર્ન**
- અનુભવ દ્વારા માનવનું ઘડતર થાય છે, માણસને વ્યવહાર કુશળ બનાવે છે - **બિલ રોજર્સ**
- માનવીએ પોતાની ભૂલોને સજાવવા આપેલું સુંદર નામ એટલે અનુભવ - **વાઇલ્ડ**
- અનુભવ કઠોર શિક્ષક છે, પહેલાં એ શિખવે પછી પરીક્ષા લે અને પાઠ પણ ભણાવે - **વર્નન લો**
- અનુભવ વિનાનું સાહસ એ આંધળુકિયું છે - **એસ. ભટ્ટાચાર્ય**

## બોધ કથા

અત્યારે ચૂંટણીના વાતાવરણમાં ગામે ગામ, જિલ્લા-તાલુકા સ્થપાતા જાય છે, જાણે 'સ્વતંત્ર દેશ' ન આપતા હોય! કયાંક લાખો-કરોડોની ગ્રાંટની જાહેરાત તો વળી વિરોધ પક્ષો કોઇ પ્લોટ-કોઇ ઘર કોઇ આકાશના તારા - તોડી તોડી ગરીબોના મગજની ઝોળી ભરવા લાગ્યા છે! જાણે 'સરકાર' પોતાના બાપુ કી તિજોરી ન હોય?

ઔરંગઝેબ આલમગીર આમ તો નિરસ-નાસ્તિક હતો પણ દિલ્હીના દરવાજે એક ઓલિયો રહેતો એની અવાર-નવાર કુર્નીસ અને સલાહ માટે જતો.

એક વાર ઔરંગઝેબે ઓલિયાને કહ્યું, હું આપને રહેવા માટે સારી જગ્યા બંધાવી આપું અને દાન-દક્ષિણા-સોનામહોરોથી આપને નવાજી આપની જીવનભરની ચિંતાઓ દૂર કરવા ઇચ્છું છું.

ઓલિયો ખડખડાટ હસ્યો અને કહયું અલ્લાહ, બાદશાહને સલામત રાખે, પરંતુ મને કશુંક આપની વાત સમજાતી નથી. જેવો હું ફકીર છું એવો શહેનશાહ! તું પણ ફકીર જ છે તારું રાજપાટ, ધન-સમૃધ્ધિ એ તારાં નથી. પ્રજાનાં છે તું તો માત્ર રખેવાળ છો તારાથી આમ લ્હાણી ન કરાય - પ્રજા અને સરકારનો તું ગુન્હેગાર થઇશ. મને તો મારી આ મઢુલીમાં આનંદ છે!

ઔરંગઝેબને ઓલિયાની વાત સમજાઇ - ત્યારથી એ રાજ્યના રખેવાળ તરીકે જ રહ્યો.

# કુદરતે અને પરમાત્માની અગોચરતા અને અગમ્યતાને પામવા મન-હૃદયમાંથી વહી ચિંતન સરિતાની સરવાણીઓ એટલે...


## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

આપણને હરતાં ફરતાં કોઇ મિટીંગ કે મેળાવડામાં નવા જૂના ચહેરાઓ સાથે અવાર નવાર મળવાનું થાય છે. કંઇક નવી વાત, કોઇ નવા વિચાર કે વૈચારિક અનુભૂતિમાંથી પસાર થવાનું બને છે. પણ કયારેક કોઇ વ્યક્તિ ને મળીએ અને તેને ફરી મળવાની ઇચ્છા થાય તેવું લાગે ત્યારે આપણે તેની પાસે સંપર્ક માટે સરનામું માંગી બેસીએ છીએ. આ સરનામું તેના નિવાસસ્થાન કે વ્યવસાય ના સ્થાનનું હોય છે. જયાં ફરી આપણે જઇએ તો તે વ્યક્તિ મળી શકે અથવા પત્ર દ્વારા તેનો સંપર્ક થઇ શકે. પણ કોઇ તમને એવું સરનામું આપે કે ત્યાં તમે જઇ તો શકો પણ તે વ્યક્તિને બદલે તે વ્યક્તિની સ્વભાવગત અથવા તેની ગમતી જગ્યાએ તમે પહોંચી જાવ અને તમને પણ એ ગમવા લાગે.

આવું જ કંઇક હમણાં મારી સાથે પણ બન્યું. તથાગત પટેલ સાથે મારો એ પહેલાં પરિચય હતો. પણ એવું લાગ્યું કે જાણે વર્ષોથી એકબીજાને ઓળખીએ છીએ. અને તેમએ મને આપ્યું સુગંધનું સરનામું.

તથાગતને સ્વને - વૃક્ષ - નદી - પહાડ - આકાશ - વાદળની જે જે અનુભૂતિઓ થઇ છે એની સરસ અભિવ્યક્તિ તેમના આ પુસ્તકમાં મળે છે. કારણ કે તથાગતનું ઘડતર ગ્રામ અને પ્રકૃતિના પરિસરમાં થયું છે. એમને પ્રકૃતિને મનભર રીતે માણી છે. અને ગામડામાં પ્રવૃત્તિને રમ્ય - રૂદ્ર સ્વરૂપે જોઇ છે. એટલું જ નહીં કયારેક કોઇ પ્રવાસી સ્થળે જઇ હિમાલયના ખોળે થોડો સમય વિતાવી પ્રકૃતિને પૂર્ણાનંદ સ્વરૂપે માણી છે. હિમાલયના પથ્થરોમાં સુંદરતા જોઇ છે. હવા અને વાદળીને વાતો કરતાં સાંભળ્યાં છે. વૃક્ષોને સંત સ્વરૂપે નિહાળ્યાં છે. તેથી મન સાથેની મથામણોમાંથી સરસ સુગંધ શીકરો જન્મી છે. લેખક એ શીકરોથી ભીંજાય છે. અને તેમાં આપણને પણ ભીંજવ્યા અને તરબોળ કરવા સુગંધનું સરનામું લઇ આવ્યાં છે.




જેના આમુખમાં પ્રા. ત્રિકમભાઇ ના. પટેલ સાચે જ કહે છે કે 'કુદરત અને પરમાત્માની અગોચરતા અને અગમ્યતા ને પામવાની મથામણોમાંથી અને મન-હૃદયમાંથી વહીં ચિંતન સરિતા બનવા મથતી સૂક્તિ - સરવાણીઓ એટલે સુગંધનું સરનામું.'

આ સુગંધને સરનામે લઇ જઇને તમને તેની અનુભૂતિ કરાવતાં મારી જાતને રોકી શકતો નથી, તેથી અહીં તેના થોડાંક મને ગમતાં અવતરણો મૂકું છે.

- ધરતી જયારે ભલમનસાઇના વિષય પર પ્રવચન ગોઠવે ત્યારે એને કહીજો કે મને જાણ કરે.
- સાગર સાથે મારે અંગત વાતો કરવી છે, એને કહેજો કે સમય હોય ત્યારે મને જણાવે.
- ચંદ્રની શીતળતા અને સૂર્યની હૂંફ, જો મને આવશ્યકતા પ્રમાણે મળે ને તો અન્ય કશાની મારે જરૂર નથી.
- એક વૃક્ષનાં સમગ્ર પાન ઉપર, પાનને તોડ્યા સિવાય ઇશ્વરનાં નામ લખવાં એટલે ઇશ્વર પ્રાપ્તિ.
- ગીત એ પછીની પ્રસન્નતાની અથવા સુખની અભિવ્યક્તિ છે.
- નૃત્ય પણ પક્ષીનું વાતાવરણ સાથેનું તાદાત્મય બનાવે છે.
- મને શોધીશ કે બોલાવીશ નહીં, અંદર યોગ્ય વાતાવરણ હશે, તો હું ગમે ત્યારે આવીસ.
- બધાં જ ફૂલો સુંદર અને અનુકૂળ જગ્યાએ ખીલતા નથી, છતાં કયારેય એમણે એમના ગુણ છોડ્યા નથી.
- મારે વૃક્ષોનું મૌન અને નદીઓની સહનશીલતા જોઇએ છે.

તમને ઉપરોક્ત પંક્તિઓમાંથી પસાર થતાં એક વાત તો નક્કી લાગી હશે જ કે, 'સુગંધનું સરનામું' એ તથાગતનું એક વિશિષ્ટ પ્રદાન છે. આજ સુધીની ચિંતનકણિકાઓ મોટે ભાગે ધર્મ, અર્થ, કામ, મોક્ષ, જીવ, શિવ, જગત, પ્રભુભક્તિ, આધ્યાત્મ, નીતિ, લેખક નવો ચીલો ચાતરીને નવી કેડી કંડારે છે.

માનવ માત્ર માનવતાવાદી રાહ અને વલણથી જીવતાં શીખે એ જિંદગીને ઊંડાણથી માણે અને સમજે એવી શુભ ભાવનાથી લેખકે સમભાવ અને સદ્ભાવ વધારવા. આત્મીયતા કેળવવા અને નીકટતા પામવા માટે કોઇ પણ વ્યક્તિને કોઇ પણ સમયે ભેટ સ્વરૂપે આપી શકાય તેવું આ સુગંધનું સરનામું પુસ્તક સ્વરૂપે આપણને આપ્યું છે, જેને તેઓ માનવતાનો ગુલાલ કરીને આત્મ નિવેદન સ્વરૂપે પ્રસ્તુત કરે છે.

'સુગંધનું સરનામું' પુસ્તક દ્વારા તેના લેખક તથાગત પટેલને એક અચ્છા શિક્ષક તરીકે, કવિ ગઝલકાર તરીકે, વાર્તા - નિબંધના લેખક કરતાં પણ વધુ એક ચિંતક તરીકે પ્રમાણવાનો અને માણવાનો અવસર આ પુસ્તક પુરો પાડે છે. લેખકનાં અન્ય પુસ્તકો જેમ કે, કાવ્ય સંગ્રહ - લીલપ, ગઝલ સંગ્રહ - ભીના પડઘાં, બાળ કાવ્યો - ધોળો ધોળો ચાંદલીયો, બાળવાર્તાઓ - નહીં તો કાયમી કિટ્ટા અને જીવનલક્ષી લેખો - મહેંકભરી માનવતા પણ ખુબ ધ્યાન પાત્ર બનેલી કૃતિઓ છે.

લેખક સુગંધને મોકલવાનાં સરનામાં શોધી એને એ સરનામે ઘણા બધાને મોકલવા ઇચ્છે છે. અનુભૂતિઓમાં ભાગીદાર થવા આપણને સૌને ઇજન આપે છે. આપણે એમનાં ઇજનનો સ્વીકાર કરીએ અને એમનાં શીકરોથી ભીંજાવાની મજા માણીએ, અને તે માટે સુગંધના સરનામે પહોંચી જઇએ.

**સુગંધનું સરનામું**
**લેખક - તથાગત પટેલ**
**પ્રકાશક : શ્રીમતી રેણુકા બી. પટેલ, ફોન : ૨૭૪૧૦૮૯૭**
**બી-૬૦, સી.પી.નગર, વિ-૧, ઘાટલોડિયા, અમદાવાદ - ૩૮૦૦૬૧**
**પ્રથમ આવૃત્તિ - ૨૦૧૨**

# દીકરો બાપનો હાથ છે તો દીકરી શ્વાસ છે, હાથ વગર ચાલે પણ શ્વાસ વગર ન ચાલે, પુત્ર પતંગ છે તો પુત્રી પતંગિયું છે, પુત્ર યાચના છે તો પુત્રી પ્રાર્થના છે, પુત્ર કલશોર છે તો પુત્રી કલરવ છે

## હું રસ્તે રઝળતી વારતા

- અચના પટેલ

છેલ્લા કેટલાય સમયથી સરકાર 'દીકરીના અતવાર' માટે પ્રચાર અને પ્રસાર ખૂબ જ મોટા પાયે કરે છે. આનો આશય એટલો જ છે કે દીકરીઓને પણ જન્મ લેવાનો અધિકાર છે. તેમનો પણ સારો ઉછેર થાય, સારૂં ભણતર અને ગણતર મળી રહે તે જરૂરી છે. છતાં પણ કહેવાતા આધુનિક સમાજમાં પૈસા કમાવવાની લાયમાં ડોકટરો જાતિ પરીક્ષણ કરી સ્ત્રીભ્રુણ હત્યા જેવા અપરાધ કરતા સહેજ પણ ખચકાટ અનુભવતા નથી.

પહેલાંના સમયમાં તો એટલું સારૂં હતું કે છોકરીને દૂધપીતી કરવાનો રિવાજ હતો. છોકરીના જન્મ પછીનો થોડો સમય તે આ ધરતી પર અવતરી થોડો શ્વાસ લેવાનો અધિકાર હતો. શું અત્યારે એ અધિકાર છે ખરો? માતાના કુખમાં હજુ એનો આકાર બને ત્યાં સુધીમાં તો એનું પરિક્ષણ થઇ એની હત્યા કરતા આપણને સહેજ પણ શરમ કે સંકોચ થતો નથી. બહારની દુનિયામાં આપણે એવું વર્તન કરીએ છીએ જાણે મેં કંઇક સારૂં કામ કર્યું હોય.

આજે ભારતમાં ૧૦૦૦ પુરૂષોએ ૯૨૭ જેટલી સ્ત્રીઓ છે. જયારે ગુજરાતમાં ૧૦૦૦ પુરૂષોની સરખામણીમાં માત્ર ૮૮૩ ની સંખ્યામાં સ્ત્રીઓ છે. ગુજરાતના મહેસાણા જિલ્લામાં પુરૂષોની સરખામણીમાં સ્ત્રીઓની સરખામણીમાં સ્ત્રીઓનું પ્રમાણ ઓછું છે.

સરકારમાં આટલી જાગૃતિ આટલી મોડી અને આટલા બધા વર્ષો પછી જ કેમ? સરકાર અથવા માણસોની સમજણ વહેલા જાગી હોય તો? આપણને તો આદત જ છે કે આગ લાગે ત્યારે કૂવો ખોદવા બેસવું. પણ શું આનાથી આપણી વિચાર સરણીમાં કોઇ ફેર પડવાનો ખરો? ઘણાં સમાજમાં હાલની તારીખમાં પણ પુત્ર પ્રાપ્તિ માટે બીજાં લગ્ન કરે છે. એ પણ કોણ તમને ખબર છે? જેઓ સરકારી નોકરી કરતા હોય, તેવા લોક એક પત્નીથી બે પુત્રીઓ કે એક પણ બાળક ન હોવાથી પુત્ર પ્રાપ્તિ માટે બીજા લગ્ન કરતાં સહેજ પણ ખચકાટ અનુભવતા નથી અને બે બૈરીઓ સાથે વટભેર સમાજમાં જીવી શકે છે. કોઇ પણ શરમ વગર.

આપણી સરકાર 'બેટી બચાવો' ઝુંબેશ જરૂર ચલાવી શકે? આપણે નાના માણસોની વાત કરીએ પણ આ મુદ્દે માણસોની માન્યતામાં પણ કોઇ લાંબો ફેર નથી. ગુજરાતના બ્રાન્ડ એમ્બેસેટર અને જાણીતા અભિનેતા 'બીગ બી' એ એકદા વર્ષ પહેલા એક ટીવી ઇન્ટરવ્યુમાં




એવું કહ્યું હતું કે મને પૌત્રને રમાડવાની ઇચ્છા છે. તો આવળા મોટા માણસની માન્યતા પર કેવી જૂનવાણી છે. આપણે સૌ જાણીએ છીએ તેમ અભિષેકના ઘરે પહેલાં પુત્રીનો જન્મ થયો. પૌત્ર પ્રાપ્તિની ઘેલછામાં આવડા મોટા સેલિબ્રીટી પણ પરંપરાગત ખ્યાલોમાં જ રાચે છે, એમ જ સમજવું રહ્યું.

આપણા દેશમાં માણસ નાનો હોય કો મોટો, એનાથી પુત્ર કે પુત્રી તરફના વલણમાં કોઇ ફેર પડવો ન જોઇએ, ભગવાન જયારે બાળક સ્વરૂપે પૃથ્વી પર પધારે છે. ત્યારે એના મનમાં પણ એવું નથી હોતું, કે આ પૂજારીનું ઘર છે કે કસાઇનું? એ તો દરેકને એક લાકડે હાંકે છે!

પણ એનાં 'ફરંજદ' ગણાતાં આપણે આતંકવાદીઓથી કમ નથી એટલા માટે કે આપણે પણ ખૂન તો કરીએ છીએ ફેર એટલો છે કે, આપણએ એ ગરીબડા નિઃસહાય જીવોને પેટમાં મારી નાંખીએ છીએ, કૂખમાં જ કતલ કરીએ છીએ. છતાંય આપણને તેનું કોઇ પાપ લાગતું નથી.

(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૮મી ઓકટોબર**



- મહાન દોડવીર મિલ્ખાસિંગનો જન્મ - ૮-૧૦-૧૯૩૫.

પદ્મશ્રી મિલ્ખાસિંગે ભારતને રમતક્ષેત્રે ગૌરવ અપાવ્યું છે.



- હિન્દી ભાષાના નવલકથાકાર - મર્મત્ર મુનશી પ્રેમચંદજીની પુણ્યતિથિ.

અનેક વાર્તાસંગ્રહ-નવલકથા-જીવનચરિત્રો લખ્યા. ૮-૧૦-૧૯૩૬માં અવસાન થયું.

- વિદ્વાન-તત્ત્વજ્ઞ, જાપાન-અમેરિકાને ભારતીય ફિલસૂફીનો સંદેશો આપનારા - સ્વામી રામતીર્થનો જન્મ પંજાબના ગુજરાનવાલા પ્રાંતમાં - ૧૯૮૩.
- ૧૯૧૯ - ગાંધીજીએ યંગ ઇન્ડિયા પત્ર શરૂ કર્યું.
- ૧૯૭૯ - જયપ્રકાશ નારાયણની પુણ્યતિથિ.
- ૮મી ઓકટોબરે ભારતીય વાયુસેના દિન - હવાઇ દળ દિનની ઉજવણી થાય છે.

# સવારે નોકરની રાડ પડી, દો...ડો, શે..ઠા..ણી... દોડો, શેઠ પડી ગયા છે, તરત સૌ દોડી આવ્યા, જોયું તો લોહીના ખાબોચીયામાં સૂરજનો મૃતદેહ પડ્યો હતો, માનસિક તકલીફે તેનો ભોગ લીધી હતો

## નર્સ...એક પ્રેતકથા

(ભાગ-૫)

## (રહસ્યનાં વમળમાં ઘૂમરાતી વાર્તા)

- હર્ષદરાય ઉપાધ્યાય

ખૂબ શાંતિથી મોનિકાનું પ્રેત ક્રોધિત ચહેરે સૂરજ તરફ ખસી રહ્યું હતું, ઘસઘસાટ ઊંઘતા સૂરજને આ અંગે સહેજપણ ખબર સુધ્ધાં ન હતી, પથારીની લગોલગ પહોંચી મોનિકાએ ધારદાર, અંધારામાં પણ ચમકતી કાતર વાળો હાથ હૂમલો કરવા ઉગામ્યો. પણ ત્યાં મોબાઇલની ઘંટડી રણકી, શિલ્પા હજી પુરી ઊંઘી ન હોઇ, તે જાગી ગઇ, અને મોબાઇલ હાથમાં લીધો, સામેથી કોઇકે બોલ્યા વગર ફોન ડિસકનેક્ટ કર્યો. શિલ્પા સહેજ હસી. પાછી સુઇ ગઇ... પણ હવે ત્યાં રૂમમાં મોનિકા ન હતી.

સવારનો સમય થયો. સૂરજ જાગ્યો પણ માથું તેનું ભારે ભારે હતું. પુરતી ઊંઘ મળી હોવા છતાં મન બેચેન હતું. તે ઉઠતાં વેંત વિચારે ચઢી ગયો. આવું એની સાથે કેમ બની રહ્યું છે? કદાચ મારા ખરાબ કર્મોનું ફળ મને મળી રહ્યું છે પણ વારે વારે તેના મગજમાં એક પ્રશ્ન ઉઠતો કે, મોનિકાનું ખૂન મારા હાથે થયું જ નથી, હું તો મોનિકાને જ વફાદાર હતો તો પછી તેનું પ્રેત મને શા માટે ડરાવે છે? શા માટે મને મારવા જાણે કે આમ તેમ ભમી રહ્યું છે?

નીચેથી શિલ્પાની બૂમ સંભળાતં તેની વિચારમાળા તૂટી, ઝટ બાથરૂમમાં જઇ તૈયાર થઇ તે ડાઇનિંગ ટેબલે ગોઠવાયો, અને રૂટીન કાર્ય કરવા મન ગોઠવવા લાગ્યો. દીકરો રાહુલ હજી ઊંઘતો હતો. માથું હજુ દુઃખતું હતું. તેણે લેપટોપમાં જોતાં જોતાં જ શિલ્પાને બૂમ પાડી માથાના દુઃખાવાની તથા અન્ય ગોળીઓ લાવવા કહ્યુ. જવાબમાં શિલ્પા કશું ન બોલી. પણ તેના કપાળ ઉપર પાછળથી બે ઠંડા હાથ ફેલાયા અને જવાબ સંભળાયો, "લાવો હું માથું દબાવી આપું." એકદમ સૂરજ ચમક્યો, પાછળ જોયું અને જોરદાર ચીસ પાડી તે ઊભો થઇ ગયો. થરથર ધ્રૂજવા લાગ્યો. સામે ગુસ્સામાં લાલઘૂમ, માંજરી ભૂરી આંખે અને કંપન ભર્યા શરીરે મોનિકા ઊભી હતી. ફરી તે ભૂમ પાડી ઉઠ્યો, અને ધ્રુજવા લાગ્યો હતો.

તરત નોકરો દોડતા આવ્યા. સહેજવારે શિલ્પા પણ દોડતી આવી. તેના હાથમાં દવાઓ હતી. સૌ



બેબાકળા થઇ ઊભા રહી ગયા. કેમ કે, સૂરજ એકલો એકલો બબડતો હતો. ત્યાં કોઇ બીજું હતું પણ નહીં. શિલ્પાએ સૂરજનો હાથ પકડ્યો ત્યારે ફરી તે બૂમ ઉઠ્યો... અને કહેવા લાગ્યો, 'બસ, હવે મારો વારો છે, મને તે લેવા આવી છે, મને નહીં છોડે... મને બચાવો... ' અને તે છુટ્ટા મોંએ જાણે કે રડી પડ્યો. અને ડાઇનીંગ ટેબલ ઉપર મસ્તક ટેકવી સૂઇ ગયો. આજે તેના મન ઉપર ભારે આઘાત લાગ્યો હતો.

તરત શિલ્પાએ ડોકટર ભાર્ગવને ફોન કરી બોલાવી લીધા. ભાર્ગવે પરિસ્થિતિ જોઇ સૂરજને ઇર્જેકશન તથા દવાઓ આપી સુવડાવી દીધા. અને જતાં જતાં શિલ્પાને જણાવતા ગયા કે જો આવુંને આવું થયા કરશે તો શોક ટ્રીટમેન્ટ આપવી પડશે. શિલ્પા બધું સમજતી હતી પણ શું કરવું? હાથમાં હવે કશું રહ્યું ન હતું. તેને તેના પુત્રની ચિંતા સતાવ્યા કરતી હતી.

બીજા દિવસે સૂરજ કામ પર જઇ શક્યો. થોડી અશક્તિ તેને વર્તાતી હતી. અને ઘણા ગુના કર્યાની વેદના મન ઉપર સવાર થયેલી હતી.

બપોરે લંબ બાદ તે સ્હેજ ઇઝી ચેરમાં લાંબા પગે આરામ કરી રહ્યો હતો અને ત્યાં ઓફીસનું બારણું ખખડ્યું. સૂરજે 'કમ ઇન' કહ્યું અને સામે તેમની ઓફિસની સેક્રેટરી મીસ રીના ઉભી હતી. તેના હાથમાં ફાઇલ હતી.

(અનુસંધાન પાના નં. ૬ પર)